## સે-૨૪, ૨૫ અને ૨૭માં ટેન્કરથી પાણી પુરવઠો અપાયો

ગાંધીનગર શહેરમાં ડહોળુ પાણી આપવાની ફરિયાદ શમી નથી ત્યાં આજે સે-૨૪, ૨૫ અને ૨૭માં પાણીનો પુરવઠો ખોરવાઈ જતાં ત્યાંના રહીશોને ટેન્કરથી પાણીનો પુરવઠો આપવામાં આવ્યો હતો.

ભાજપના કાઉન્સીલરો શ્રી સુરેશ મહેતા શ્રીમતી પ્રવિણાબેન દરજી તથા શ્રી સંદીપ જયોતિકરે આ વસાહતીઓને પાણી પુરવઠો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બને તે માટે ટેન્કરોની વ્યવસ્થા કરી અને પાણીનું વિતરણ કરાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં પુરતા ફોર્સથી પાણીનો પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદ હવે તંત્ર માટે પણ શિરદર્દ સમાન પુરવાર થઈ રહી છે. રૂ. ૧૫ કરોડના ખર્ચે પાણીની વિતરણ વ્યવસ્થાના અપગ્રેડેશન બાદ પણ ફરિયાદોમાં ઘટાડો થયો નથી. જુના સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા બે તબક્કે અમલી બનાવવામાં આવી છે. આમ છતાં આજે આ વ્યવસ્થામાં ભંગાણ સર્જાયું હોવાનું મનાઈ રહ્યું છે. ગાંધીનગર શહેરમાં વધતા જતા વસ્તીના ભારણને લઈ પાણીની માંગમાં પણ વધારો થયો છે. જો કે હાલ જે જથ્થો પહેલા લેતા હતા તેટલો જ પુરવઠો ચાલુ રખાયો હોવાનું સત્તાવાળાઓ કહી રહ્યા છે.

શહેરમાં પાણીની વ્યવસ્થા સંભાળવાના મુદ્દે સરકાર અને કોર્પોરેશન એકબીજાને ખો આપવામાં પડયા છે ત્યારે પાટનગરમાં જ ટેન્કર રાજ શરૂ થતાં વસાહતીઓની પરેશાનીમાં વધારો થયો છે.

# નવા સેકટરોમાં પાણીની પુનઃ રામાયણ

## રજા અને તહેવારોના દિવસોમાં જ પાણીના ધાંધિયા થતાં વસાહતીઓ રોષે ભરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર માટે પુરતુ પાણી નર્મદા કેનાલમાંથી મળી રહેતું હોવા છતાં વારંવાર ધાંધિયાથી વસાહતીઓ પરેશાન થઈ ગયા છે. આજે શનિવારે રજાના દિવસે જ પુનઃ પાણી એક કલાક વહેલું બંધ થઈ જતાં ગૃહિણીઓને પરેશાની ભોગવવી પડી હતી.

રાજયના પાટનગર ગાંધીનગરને નર્મદા નહેરમાંથી પાણી અપાય છે. શહેરની જરૂરીયાતને પહોંચી વળાય તેટલું પાણી ઉપલબ્ધ હોવા છતાં સ્થાનીકો પરેશાનીઓના કારણે વસાહતીઓને પાણઈની તકલીફો ભોગવવી પડે છે. હજુ થોડાક દિવસ પહેલાં જ રક્ષાબંધનના તહેવારે નવા સેકટરોમાં પાણીનું વિતરણ મોડું કરાયું હતું. તહેવારના દિવસે જ વસાહતીઓને પાણી વગર રહેવું પડ્યું હતું. તે પછી ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠી હતી. માંડ માંડ આ સમસ્યાનો ઉકેલ આવ્યો ત્યાં આજે ફરીથી પાણીની રામાયણ સર્જાઈ હતી. આજે પતેતીની રજા હોવાથી ઘણા વસાહતીઓ રજાના મુડમાં હતા અને મોડાં ઉઠ્યા હતા. હજુ તો ઘરનું કામ શરૂ કરે તે સાથે જ પાણી જતું રહેતાં ગૃહિણીઓને કામ અધુરુ મુક્વું પડ્યું હતું.

નવા સેકટરોમાં સવારે વિતરણ કરાતું પાણી એક કલાક વહેલાં જ એટલે કે, ૮.૦૦ વાગે બંધ થઈ ગયું હતું. કપડાં, વાસણ જેવા કામો અધુરા રહ્યા હતા. કેટલાક વસાહતીઓના તો પાણીનાં ટાંકા પણ પૂરતાં ભરાયા ન હતા. ખાસ કરીને દૂરના સેકટરો જેવા કે સેકટર-૫, સેકટર-૪ અને સેકટર-૩માં વસાહતીઓને ઓછા પાણીથી ચલાવવું પડ્યું હતું. વારંવારના પાણીના ધાંધિયાથી વસાહતીઓ ત્રાસી ગયા છે. વસાહતીઓએ વસાહત મંડળો અને તંત્રને આ અંગે ફરિયાદ પણ કરી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭

સૂર્યાસ્ત : ૭.૧૨

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૯ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ચુંદડીને સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- ભારત વિકાસ પરિષદ દ્વારા સવારે ૯.૦૦ કલાકે, કાર્યક્રમ
- સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ગાંધીનગર દ્વારા બપોરે ૨.૩૦ કલાકે, વિદ્યાપુરસ્કાર વિતરણ કાર્યક્રમ.

**ધાર્મિક**

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ફુલનો રથ અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.
- શ્રી શિવશક્તિ મંદિરસેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કેશાભાઈ અમરાભાઈ પુરબીયા (ઉ.વ.૬૧) રહે, બ્લોક.૧/૨ 'જ' ટાઈપ સેકટર, ગાંધીનગર.
- નારણભાઈ છગનભાઈ દંતાણી (ઉ.વ.૫૭), રહે સેકટર-૮ના છાપરાં, ગાંધીનગર.
- શામરાવ શંકરરાવ ચૌધરી (ઉ.વ.૫૬) રહે, મુ.પેથાપુર, પોલીસ સ્ટેશનની પાછળ, ગાંધીનગર.
- મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.૪૫) મુ. રાંધેજા, ઉમિયાનગર સોસાયટી, તા.જી. ગાંધીનગર.

## સરઢવ ગામે વિષ્ણુ સહસ્ત્ર પાઠ હોમાત્મક પંચકુંડી મહાયજ્ઞનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

પવિત્ર પુરુષોત્તમ માસમાં અધિક ભાદરવા સુદ એક એટલે કે આજે તા. ૧૮મી ઓગષ્ટ-૨૦૧૨ થી ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૨નો રવિવાર સુધી સવારે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન વિષ્ણુસહસ્ત્ર પાઠ હોમાત્મક પંચકુંડી મહાયજ્ઞ યોજાશે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામના તરાસણ ખાતેના સાધના આશ્રમ, શ્રી બળિયાદેવ શ્રી શીતળા માતાના મંદિરે વિષ્ણુ સહસ્ત્ર પાઠ હોમાત્મક પંચકુંડી મહાયજ્ઞ યોજાશે. આ પ્રસંગે આશીર્વચન આપવા દરરોજ સંતો-મહંતો પધારશે. બપોરે ૧૨ કલાકે પ્રસાદનું આયોજન કરવામાં આવશે.

# શ્રાવણ બાદ અધિક માસના પ્રારંભે ભાવિકો વિષ્ણુ ભક્તિમાં લીન

## પુરુષોત્તમ માસ શરૂ થતા ભાવિકો ભક્તિ ભાવનામાં ડૂબ્યા

ગાંધીનગર, તા. ૧૮

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથની ભક્તિ-આરાધનામાં તલ્લીન થયેલા ભાવિકો અધિક માસના પ્રારંભે પણ ભક્તિ-ભાવનામાં લીન જોવા મળે છે. પુરૂષોત્તમ માસમાં પણ પૂજા-ભક્તિનું વિશેષ મહત્વ હોવાથી શ્રાવણની વિદાય બાદ પણ નગરજનોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હોવાનો અહેસાસ મંદિરોમાં થઈ રહ્યો છે. શ્રાવણ મહિનાની વિદાય બાદ પરંતુ અધિકમાસ શરૂ થતા ભાવિકોમાં ભક્તિભાવના વધુ મજબૂત બની છે.

ભોળાનાથના ભક્તિ પર્વ પવિત્ર શ્રાવણ માસમાં શહેરના ધાર્મિક સ્થળો ભાવિકોની ભીડથી ઉભરાતા જોવા મળતા હતા. ભગવાન શિવની કૃપાદૃષ્ટિ મેળવવા પૂજા-ભક્તિ અને ભજન સહિતના વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમો થકી ભાવિકો શ્રદ્ધા-ભક્તિમાં તરબોળ થયા હતા. જ્યારે શ્રાવણના અંતે અધિક મહિનો બેસતા નગરમાં જાગૃત થયેલી આધ્યાત્મિક યથાવત જોવા મળી રહી છે. અલબત્ત ભક્તિ-ભાવનાની દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવતા પુરૂષોત્તમ મહિનામાં પણ મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભીડ જામે છે. આ મહિના દરમિયાન ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી વિશેષ ફળ પ્રાપ્ત થતુ હોવાનું પણ મનાય છે. પાપનો નાશ કરવા અને પુણ્યનું ભથ્થુ બાંધવા ભાવિકો ભક્તિ-અર્ચનામાં લીન બન્યા છે. અલબત્ત નગરમાં ભક્તિભાવનાનો માહોલ જામ્યો છે.

## આજથી ગાંધીનગરમાં શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં શ્રી ભાગવત કથાના સહયોગી મહાનુભાવો દ્વારા સેક્ટર-૬-સી, અંબિકા ચોક, ગાંધીનગર ખાતે પૂજ્ય સંત રાજેન્દ્રભાઈ શાસ્ત્રીની વ્યાસપીઠે આજે તા. ૧૯મી ઓગષ્ટથી તા. ૨૬મી ઓગષ્ટ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા યોજાશે.

કથાના પ્રારંભે અલકાબેન રાજુભાઈ જોષીના પ્લોટ નં. ૧૧૦૯/૧, સેક્ટર-૬-સી થી પોથીયાત્રા નીકળી ૪ કલાકે અંબિકા ચોક વ્યાસપીઠ પર પહોંચશે. કથામૃતનું રસપાન દરરોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન રાજેન્દ્રભાઈ શાસ્ત્રી કરાવશે. જેનો સૌ ભક્તજનો લાભ લઈ શકશે.

# ચિલોડા-દહેગામ માર્ગ પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં સાતને ઈજા

ચિલોડા, તા.૧૮


ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલથી એક કિ.મી. દૂર ચિલોડા-દહેગામ માર્ગ પર ગંભીર અકસ્માતમાં એક કપચી ભરેલી ટ્રક અને કાર વચ્ચે



અકસ્માત સર્જાતા કુલ ૭ વ્યકિતઓને નાની મોટી ઈજા પહોંચતાં તે તમામને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા લઈ જવાયા હતા.

આ બનાવ અંગે માહિતી મુજબ બપોરના સમયે દહેગામથી ચિલોડ તરફ કપચી ભરેલી ટ્રક નં. જીજે-૯-ઝેડ ૨૬૭૯ પુનમ બંગલા સોસાયટી નજીક આવતી હતી ત્યારે ચિલોડાથી દહેગામ જતી અલ્ટો કાર નંબર જી.જે. ૧૮-બી.એ. ૨૨૬ ઉમાં દહેગામ તાલુકાના વર્ધાના મુવાડા ગામે રહેતા, ભુમિબેન નરેશભાઈ ઉ.વ. ૨૧, અલ્પેશકુમાર ઘનશ્યામભાઈ પટેલ (ઉ.વ.૨૫) તથા ચેતનભાઈ ઘનશ્યામભાઈ પટેલ, ઉ.વ. ૨૩ આ ત્રણેય જણા ગાંધીનગર ખાતે આજે ગૌણ પસંદગી મંડળ દ્વારા લેવાયેલી કારકૂનની પરીક્ષા આપીને દહેગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા આ ઉમેદવારોને ઈજા પહોંચતા રખિયાલ લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવીલ હોસ્પિટલ લઈ જવાયા હતાં. જયારે આ અકસ્માત ભરેલી ટ્રક માર્ગ વચ્ચે પલ્ટી ખાઈ જતાં ટ્રક કેબિનમાં બેઠેલા સાત વ્યકિતઓમાંથી ચાર જણાને ઈચા પહોંચતા ચિલોડા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવીલ હોસ્પિટલ લવાયા હતાં. જેમાં સુખડ તા. પ્રાંતિજ ગામનો રહેવાસી દશરથભાઈ વેચાતભાઈ વાઘરીને ગંભીર ઈજા પહોંચતાં અમદાવાદ દવાખાને રીફર કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ટ્રકની કેબીન પર બેઠેલો એક મુસાફર નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં અમુક મુસાફરોનો આબાદ રીતે બચાવ થયો હતો. ટ્રક પલ્ટી ખાઈ જતાં

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



કપચી રોડ પર પથરાઈ જવા પામી હતી. જયારે કારમાં બેઠેલા મુસાફરોને નાની-મોટી ઈજા સાથે કારને નુકસાન થવા પામ્યું હતું. આમ છતાં કાર મુસાફરોનો અદભૂત બચાવ થતાં જાન બચે લાખો પાયે ઉકિત ખરેખર યથાર્થ પુરવાર થઈ હતી.

## એસો. ઓફ સિનીયર એન્જિનીયર્સ એન્ડ અર્કિટેકટસની આજે મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

એસોસિએશન ઓફ સિનીયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટસની તા. ૧૯મી ઓગસ્ટ સવારે ૧૦.૩૦ કલાકે સીનીયર સિટીઝન્સ કાઉન્સિલના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે યોજેલ છે. એચ. બી. શાહ સહમંત્રીએ જણાવેલ છે.

## આજે સંસ્કાર ગૃપ બાળ રમતગમત યોજશે

ગાંધીનગર, તા.૧૮

બાળકોનો સર્વાંગી વિકાસ કરતી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા આજે તા. ૧૯મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સાંજે ૬-૦૦ થી ૭.૧૫ કલાક દરમિયાન સેકટર-૭ના સુવિધા કેન્દ્ર પાસેના બગીચામાં ગૃપના બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર ગૃપના બાળકો માટે વિવિધ રમતગમત પ્રવૃત્તિ યોજવામાં આવશે તો ગૃપના સભ્યોને હાજર રહેવા પ્રમુખ તુષાર દવેએ ખાસ જણાવ્યું છે.

## આજે સરગાસણ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૧૯મી ઓગષ્ટ ૨૦૧૨ને સાંજે ૭ કલાકે સિદ્ધરાજ ઝોલ્ડ પાર્ટી પ્લોટ-સરગાસણ ચોકી પાસે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક ભકતજનને આ ભકિતમય કાર્યક્રમનો લાભ લેવા સુંદરકાંડ પરિવારે ખાસ જણાવ્યું છે.

## સેકટર-૨૩માં શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર તા, ૧૮

પૂ. માઈભક્ત પૂ. ભાવનાબેન ગોકલાણી તથા શિવશક્તિ મંદિરના સંયુક્ત આયોજનથી વિશ્વ કલ્યાણ હેતુ અર્થે શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણકથા તા. ૧૮મી ઓગષ્ટથી તા. ૨૨મી ઓગષ્ટ સુધી યોજેલ છે. વક્તા કરીકે પ્રજ્ઞાપુત્રી શ્રી પ્રફુલ્લાબેન ઠક્કર રહેશે. શોભાયાત્રા તા. ૧૮મી ઓગષ્ટે રોજ નીકળેલ હતી. કથાનો સમય અઢીથી સાડા છ સુધી રહેશે. શિવશક્તિ મંદિર સેકટર-૨૩માં યોજાશે. તો ધર્મપ્રેમીઓને લાભ લેવા જણાવેલ છે.

## સચિવાલય જીમખાનામાં આજે ટેનિસ ડબલ્સ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે તા. ૧૯ ઓગષ્ટ-૨૦૧૨ના રવિવારના રોજ સચિવાલય જીમખાનાના સ્વર્ગસ્થ સભ્ય તેમજ કોચ અશોક ગજ્જરની પુણ્યસ્મૃતિમાં ગાંધીનગરના અગ્રણી વેપારી ધીરજ દેસાઈના સૌજન્યથી સચિવાલય જીમખાનાના ટેનિસ રમતા સભ્યો વચ્ચે ટેનિસ ડબલ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનો તમામ ખર્ચ ધીરજ દેસાઈ ઉઠાવવાના છે.

ધીરજ દેસાઈ ગાંધીનગર ખાતે પી.વી.સી. ટાંકીઓ, કે જે બજારમાં 'કાકા'નો ટ્રેડમાર્ક ધરાવે છે તેનું મોટા પાયે ઉત્પાદન કરી વેચાણનું કામકાજ કરે છે તેમજ તેઓ પી.વી.સી. પ્રોફાઈલ દ્વારા રહેઠાણના ફર્નીચર તૈયાર કરાવવાનું કામ પણ ધરાવે છે. આ સ્પર્ધામાં સચિવાલય જીમખાનાના સભ્યો તેમજ ગાંધીનગરમાં રસ ધરાવનારને હાજર રહીને સ્પર્ધાના સભ્યોને પ્રોત્સાહન પુરૂ પાડવા જણાવાયું છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળે નિઃશુલ્ક અંતિમ વિધિના પગલાને આવકાર્યું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં આવેલા સ્મશાન ગૃહને કરોડાના ખર્ચે તૈયાર કરીને સુવિધાયુક્ત બનાવાયુ છે ત્યારે નગરના સ્થાપના દિને ગાંધીનગરના મેયરે પોતાની લાગણી વ્યક્ત કરી બોર્ડ અને વહીવટીય પ્રક્રિયાઓ હાથ ધરી નિઃશુલ્ક અગર ટોકન રકમ લઈ ગાંધીમગરમાં આવતા સ્વર્ગસ્થજનોના અગ્નિ સંસ્કાર કરવાની જાહેરાત કરી હતી. જેને શહેર વસાહત મહામંડળના અરૂણ બૂચ, મયૂરભાઈ વ્યાસ, સી.પી. સોની, સુધીર દેસાઈ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, લત્તાબેન ચોકસી, ઉદય ત્રિવેદી, કિશોર જીકાદરા, ચંદુજી ઠાકોર, ભરત દિક્ષિત, કશ્યપ મહેતા, રેવાભાઈ પરમાર, બી.પી. પરમાર સહીત સૌએ આવકારી છે.

અન્ય મહાનગરોમાં કોર્પોરેશન જે રીતે સેવા આપે છે તે જ રીતે ગાંધીનગરમાં પણ અંતિમ સંસ્કારની સેવાઓ તાત્કાલિક મળતી થાય તેવા નિર્ણયની નગરજનો, સેવાભાવિ સંસ્થાઓ રાહમાં છે અને તેવો નિર્ણય કરવા ગાંધીનગર મહાનગરપાલિકાના ૩૩ સભ્યોએ કમિશનરને વિનંતી કરી છે.

## જી.આઈ.ડી.સી. એન્જીનિયરીંગ એસો.ના હોદ્દેદારો નિમાયા



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જી.આઈ.ડી.સી. એન્જીનિયરીંગ કોમ્પલેક્ષ એસોસિએશનના માનદ મંત્રી એમ.પી. પટેલે જણાવ્યું છે કે, તાજેતરમાં એન્જીનિયરીંગ એસોસિએશનના ૨૬મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં એસોસિએશનના નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

જી.આઈ.ડી.સી. એન્જીનિયરીંગ એસોસિએશનના પ્રમુખ તરીકે શૈલેષભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે બળદેવભાઈ ચૌધરી, માનદ મંત્રી તરીકે મનહરભાઈ પટેલ, સહમંત્રી તરીકે નરસિંહભાઈ પટેલ, ખજાનચી તરીકે રમેશચંદ્ર પટેલ તથા સહ ખજાનચી તરીકે કિશોરભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## આજે ભારત વિકાસ પરિષદ આયોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના ભારત વિકાસ પરિષદ દ્વારા આજે રાષ્ટ્રીય, સમૂહગાન સ્પર્ધા ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે યોજાશે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ ડૉ. કનુભાઈ મિસ્ત્રીના મુખ્ય અતિથિ પદે સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે સવારે ૮.૪૫ કલાકે આજે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે. આ પ્રસંગે ગુજરાત રાજય વિદ્યાલય આયુકતના સહાયક નિર્દેશક ભાનુપ્રસાદ રાજગોર અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે.

## નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ૨૦મીએ રાષ્ટ્રીય સદ્ભાવના દિન ઉજવશે

ગાંધીનગર, તા.૧૮

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો ૨૦મી ઓગષ્ટે જન્મ દિન હોવાથી ભારત સરકારે તે દિવસને રાષ્ટ્રીય સદ્ભાવના દિન તરીકે જાહેર કર્યો છે. આ દિને રાષ્ટ્રીય અને સામાજિક સેવાભાવી સંસ્થાઓ વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો યોજી રાષ્ટ્રીય સદભાવના દિનની ઉજવણી કરે છે. નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા ૨૦મી ઓગષ્ટે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં તમામ વોર્ડના દર્દીઓને ચોકલેટ, બિસ્કીટ અને ફળનું વિતરણ કરવામાં આવશે.

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા મિત્રો આ પ્રસંગે સદ્ભાવનાના શપથ લેશે. જુ.સિ.કા., જી.ઈ. કલબ, વનશ્રી ટ્રસ્ટ તથા વિવિધ યુવા સંસ્થાઓ આ કાર્યક્રમમાં જોડાશે. પખવાડિયા દરમિયાન વૃક્ષારોપણ, રકતદાન કાર્યક્રમ, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, બહેરામૂંગા શાળા, સમર્પણ સંસ્થા સેકટર-૨૮ ખાતે પણ બિસ્કીટ ફળ વિતરણ કરશે. સદ્ભાવના વોલીબોલ ટુર્નામેન્ટ, સદ્ભાવના યુવા સંમેલન વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગ્રાહક હિત સુરક્ષા સમિતિ ગાંધીનગર દ્વારા ગ્રાહક માર્ગદર્શન સ્ટોલ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ-ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે, સેકટર-૨૨, પંચદેવ મંદિર ખાતે, જનમેળામાં એક સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રાહકના હક્ક હિતોના રક્ષણ અંગે શહેર અને જિલ્લાના મૌખિક તેમજ લેખિત ફરિયાદો માટે તથા કાયદાકીય માર્ગદર્શન આપવા માટે સમિતિના હોદ્દેદારો આ સ્ટોલમાં ઉપસ્થિત રહી ગ્રાહકોને વિસ્તારપૂર્વક સમજ આપી હતી. તે સિવાય ગ્રાહકોને જાગૃત કરતી સમિતિ દ્વારા છપાવવામાં આવેલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્ટોલમાં સમિતિના પ્રમુખ ચતુરજી આર.ઠાકોર, ઉપપ્રમુખ દશરથભાઈ બી. દરજી, સલાહકાર અજીતસિંહ વી. રાણા, મહિલા પ્રમુખ નિર્મળાબેન ક્રિશ્ચિયન, સભ્ય ઈલાબેન કાનજીભાઈ ઠાકોર, સભ્ય મોહનભાઈ બી. મકવાણા, સભ્ય દશરથભાઈ સી. દરજી, સભ્ય બાલુજી એમ. ઠાકોર સર્વે સભ્યો ઉપસ્થિત રહી ગ્રાહકોને સંતોષકારક માર્ગદર્શન આપ્યું હતું તેમજ પત્રિકાઓનું જાહેર જનતામાં વિતરણ કર્યું હતું.